પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૭ | ૭ જાન્યુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; માગશર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે દિલ્હીની ચારેય બાજુ ખેડૂતોની ટ્રેક્ટર માર્ચ

## ૨૫૦ મહિલા ૨૬ જાન્યુઆરીની ટ્રેક્ટર પરેડનું નેતૃત્વ કરશે



ન્યુ દિલ્હી,તા.૬

ખરાબ વાતાવરણને કારણે ખેડૂતોએ ૬ જાન્યુઆરીની જગ્યાએ ૭ જાન્યુઆરીએ દિલ્હીની ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ કાઢવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે આ માર્ચ ૨૬ જાન્યુઆરીએ યોજાનારી ટ્રેક્ટર પરેડની ટ્રાયલ હશે.

સિંધુ બોર્ડર પર ખેડૂતોએ કહ્યું હતું કે જો સરકાર કૃષિ કાયદાને પાછા નહીં લે તો તેઓ દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર પરેડ કરશે. પરેડનું નેતૃત્વ પંજાબ અને હરિયાણાની મહિલાઓ કરશે. તેઓ કેવી રીતે રેલીને અંજામ આપશે એ પણ વિચારી લીધું છે. હરિયાણાની લગભગ ૨૫૦ મહિલા ટ્રેક્ટર ચલાવવાની ટ્રેનિંગ લઈ રહી છે.

ખેડૂતો અને સરકાર વચ્ચે ૪ જાન્યુઆરીની મીટિંગનું કોઈ પરિણામ આવ્યું નથી અને આગામી ૮ જાન્યુઆરીની તારીખ નક્કી કરવામાં આવી છે. આગામી મીટિંગમાં કૃષિ કાયદાને પાછા લેવા અને એમએસપી પર અલગ કાયદો બનાવવાની માગ અંગે વાત થશે. આ ૯મા વખતની બેઠક હશે.

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂત આંદોલન મામલે સરકાર વાતચીતથી ઉકેલ આવે : સુપ્રીમ

### આગામી ૧૧ જાન્યુઆરીએ વધુ સુનાવણી

ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્ર સરકારે લાગુ કરેલા ત્રણ કૃષિ કાયદાની સામે છેલ્લા એક મહિનાથી પણ વધારે સમયથી વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પર સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. કૃષિ કાયદાની સામે થયેલી અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અમે પરિસ્થિતિને સમજીએ છીએ અને અમે એવું ઈચ્છીએ છીએ કે, વાતચીતથી મામલાનો ઉકેલ આવે.

નવા કૃષિ કાયદાની બંધારણીય માન્યતાને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં કરવામાં આવી હતી. જેના પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કહ્યું હતું કે, લાંબા સમયથી વિરોધ કરી રહેલા ખેડૂતોને ધ્યાને લઈ અમને પરિસ્થિતિમાં કોઈ બદલાવ દેખાતો નથી. કોર્ટ ખેડૂત આંદોલન અને કૃષિ કાયદાની અરજી પર સોમવારે સુનાવણી કરશે. હજારોની સંખ્યામાં ખેડૂતો તા.૨૬ નવેમ્બરથી દિલ્હીની જુદી જુદી બોર્ડર પર ત્રણેય કૃષિ કાયદાને રદ કરવાની માગ લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ માહોલ વચ્ચે સરકાર અને ખેડૂતો વચ્ચે આઠ રાઉન્ડમાં વાતચીત થયેલી છે. પણ તમામ બેઠકનું કોઈ પરિણામ આવ્યું નથી. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, અમે પરિસ્થિતિ સમજીએ છીએ. સુનાવણી દરમિયાન સરકાર તરફથી જનરલ તુષાર મહેતા અને એટર્ની જનરલ કે.કે. વેણુંગોપાલ ખાસ હાજર રહ્યા હતા. તેમણે કોર્ટમાં કહ્યું હતું કે, ટૂંક જ સમયમાં ખેડૂતોના આ મુદ્દાનો નીવેડો આવશે એવી આશા વ્યક્ત કરીએ છીએ. જેથી આ વિરોધ ખતમ થશે. આ કેસમાં તમામ સુનાવણી હવે તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ થશે.



સરકાર તરફથી તુષાર મહેતાએ કહ્યું કે, આ કેસમાં કૃષિ કાયદા અને ખેડૂત આંદોલનના મામલે સુનાવણીની કોઈ જરૂર નથી. કારણ કે, હજું બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલું છે. જેની સામે ચીફ જસ્ટિસે કહ્યું કે, સોમવારે સમગ્ર કેસને ફરી જોવામાં આવશે અને સુનાવણી થશે. જો વાતચીત સકારાત્મક રહી તો સુનાવણી રદ થશે.

● અનુસંધાન પાન-૭ પર

## જીનપીંગના આદેશ બાદ લદાખ પાસે બોમ્બવર્ષા

### ભારત ને અમેરિકા સાથે ચીનનો તણાવ ચરમ સીમાએ : શિગાત્સે સૈન્ય ઉપર કમાન્ડના ચીની સૈનિકોએ તિબેટમાં વાસ્તવિક યુદ્ધની તાલીમ શરૂ કરી, ચીની સેના અસલી યુદ્ધ લડવાનો અભ્યાસ કરી રહી છે

નવી દિલ્હી, તા. ૬

ચીનના રાષ્ટ્રપતિ અને ત્રણેય સેનાઓના સર્વોચ્ચ કમાન્ડર શી જિનપિંગે પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ને આદેશ આપ્યો છે કે તે કોઈ પણ સમયે જંગ માટે તૈયાર રહે. શી જિનપિંગે આ આદેશ એવા સમયે આપ્યો છે જ્યારે અમેરિકા અને ભારતની સાથે ચીનનો તણાવ ચરમ પર છે. ચીની રાષ્ટ્રપતિએ કહ્યું કે, સેના પોતાની યુદ્ધની તૈયારીઓને તેજ કરે. તેમણે કહ્યું કે, સેનાને હવે અસલી યુદ્ધની સ્થિતિમાં તૈનાત કરવા માટેની તાલીમ આપવામાં આવે.

ચીની રાષ્ટ્રપતિના આદેશની વચ્ચે તિબેટમાં ભારતીય સરહદ પાસે ચીની સેનાએ જોરદાર યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે. શિગાત્સે સૈન્ય ઉપ કમાન્ડના ચીની સૈનિકોએ તિબેટમાં વાસ્તવિક યુદ્ધની તાલીમ શરૂ કરી છે. આ અભ્યાસ લગભગ ૫ હજાર મીટરની ઊંચાઈ પર કરવામાં આવી રહ્યો છે. ચીનના ગ્લોબલ ટાઈમ્સે આ તૈયારીનો વીડિયો શેર કર્યો છે. આમાં જોવા મળી રહ્યું છે કે ચીની સેના અસલી યુદ્ધ લડવાનો અભ્યાસ કરી રહી છે. આ દરમિયાન ચીની સૈનિકો

● અનુસંધાન પાન-૭ પર



## બિહાર કોંગ્રેસ નેતા ભરત સિંહનો ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડશે તેવો દાવો

### ભરત સિંહના નિવેદનને કોંગ્રેસ હાઇકમાન્ડે ફગાવ્યું

પટના,તા.૬

બિહારની રાજનીતિમાં એક નવો ભૂકંપ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે બિહાર કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય ભરત સિંહે દાવો કર્યો છે કે કોંગ્રેસના ૧૧ ધારાસભ્યો



પાર્ટી છોડી શકે છે. તેમણે કહ્યું કે, પાર્ટીમાં જલદી મોટી ફાડ પડશે અને ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડી દેશે. જો કે કોંગ્રેસ હાઈકમાન્ડે ભરત સિંહના નિવેદનને ફગાવી દીધું છે.


ભરત સિંહે કહ્યું કે, ૧૯ ધારાસભ્યોમાંથી ૧૧ ધારાસભ્યો એવા છે જે કોંગ્રેસ પાર્ટીથી નથી, પરંતુ ચૂંટણી જીતી ગયા છે. આ લોકોએ પૈસા આપીને ટિકિટ ખરીદી અને ધારાસભ્ય બની ગયા. સંખ્યાબળથી પોતાને મજબૂત કરવા માટે એનડીએ કાર્યરત છે. કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા અજીત શર્મા પણ આવા લોકોમાં સામેલ છે, જે પાર્ટી તોડવા ઈચ્છે છે. ભરત સિંહે આરોપ લગાવ્યો કે, “જે ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડવા ઈચ્છે છે તે તમામના માર્ગદર્શક કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ મદન મોહન ઝા, રાજ્યસભા સાંસદ અખિલેશ પ્રસાદ સિંહ અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સદાનંદ સિંહ છે. રાજ્યપાલ કોટાથી અત્યારે એમએલસીનું નોમિનેશન થવાનું છે. સદાનંદ સિંહ અને મદન મોહન ઝા એમએલસી બનવાની ફિરાકમાં છે.” ભરત સિંહે કહ્યું કે, “હું શરૂઆતથી જ કોંગ્રેસના આરજેડીની સાથે ગઠબંધનની વિરુદ્ધ છું. અનેક વર્ષોથી મે આરજેડીની સાથે ગઠબંધનનો વિરોધ કર્યો છે.

## નહેરૂએ કરેલ ભૂલથી નેપાળ ભારતનું રાજ્ય ન બની શક્યું

### પૂર્વ રાષ્ટ્રપતિએ તેમના પુસ્તકમાં ધડાકો કર્યો : નેપાળના રાજા ત્રિભુવન બીર બિક્રમ શાહના આ પ્રસ્તાવને ઠુકરાવ્યો હોવાનો સ્વ. પ્રણવ મુખર્જીના પુસ્તકમાં દાવો

નવી દિલ્હી, તા. ૬

પૂર્વ રાષ્ટ્રપતિ સ્વર્ગીય પ્રણવ મુખર્જીની બુક્સ ધ પ્રેસિડેન્શિયલ ઈયર્સમાં અનેક ખુલાસા કર્યા છે. આ પુસ્તક ગઈ કાલે મંગળવારે બજારમાં આવી ગયું છે. પુસ્તકમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, નેપાળ ભારતનું રાજ્ય બનવા માગતું હતું. પરંતુ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ આ તક ઝડપી ના શક્યા. જોકે વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ નેપાળના રાજા ત્રિભુવન બીર બિક્રમ શાહના આ પ્રસ્તાવને ઠુકરાવી દીધો હતો. આ અંગે નેહરુની પ્રતિક્રિયા હતી કે નેપાળ એક સ્વતંત્ર રાષ્ટ્ર છે. તેણે હંમેશાં એવું જ રહેવું છે. પરંતુ જો જવાહરલાલ નેહરૂની જગ્યાએ ઈન્દિરા ગાંધી હોત તો તેમણે કદાચ આ તક જતી ના કરી હોત. ઈન્દિરા કદાચ નેપાળ મામલે પણ એવો જ નિર્ણય કરત જેવો કે તેમણે સિક્કીમને લઈને કર્યો હતો. પૂર્વ રાષ્ટ્રપતિએ પુસ્તકમાં કહ્યું હતું કે, જોકે નેહરૂએ કુટનૈતિક રૂપે નેપાળ સાથે ઉકેલ લાવ્યો હતો. નેપાળમાં રાજાશાહી અને રાણાના શાસન બાદ નેહરૂએ લોકતંત્રને મજબુત કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. રસસ્પદ વાત એ છે કે, નેપાળના રાજા ત્રિભુવન બીર બ્રિક્રમ શાહે સામે ચાલીને જવાહરલાલ નેહરૂ સપક્ષ પ્રસ્તાવ મુક્યો હતો કે,




● અનુસંધાન પાન-૭ પર

## બ્રિટનના પ્રધાનમંત્રી ટૂંક સમયમાં ભારત આવશે

### પ્રવાસ રદ કર્યા બાદ જોનસને મોદી સાથે વાત કરી : ભારત તરફથી બ્રિટનના પીએમ બોરિસ જોનસને ગણતંત્ર દિવસે મુખ્ય અતિથિ તરીકે નિમંત્રિત કરવામાં આવ્યા હતા

નવી દિલ્હી,તા.૬

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસનએ મંગળવારે ભારત પ્રવાસ રદ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટેલીફોન પર વાતચીત કરી. વડાપ્રધાન કાર્યાલય તરફથી મંગળવારે આ જાણકારી આપવામાં આવી. આ વાતચીતમાં બોરિસ જોનસને ગણતંત્ર દિવસ સમારોહના મુખ્ય અતિથિ તરીકે પીએમ મોદીના ભારત આવવાના આમંત્રણ માટે ફરી એક આભાર વ્યક્ત કર્યો. તેઓએ બ્રિટનમાં ફેલાઈ રહેલા કોવિડ-૧૯ના નવા પ્રકારને ધ્યાને લઈ લોકતંત્ર દિવસ કાર્યક્રમમાં ભાગ લેવામાં અસમર્થતા પર ખેદ વ્યક્ત કર્યો. વડાપ્રધાન કાર્યાલય તરફથી જાણકારી આપવામાં આવી કે બ્રિટનના પીએમ બોરિસ જોનસેને



નિકટ ભવિષ્યમાં ભારત આવવાની પોતાની ઉત્સુકતા દર્શાવી. બીજી તરફ. વડાપ્રધાન મોદીએ બ્રિટનમાં અસાધારણ સ્થિતિ વિશે જોનસન સાથે ચર્ચા કરી અને મહામારીને ફેલાવાથી રોકવા માટે બ્રિટનમાં લેવામાં આવેલા પગલાઓ માટે પોતાની શુભકામનાઓ આપી.

નોંધનીય છે કે, ભારત તરફથી બોરિસ જોનસને ગણતંત્ર દિવસના મુખ્ય અતિથિ તરીકે નિમંત્રિત કરવામાં આવ્યા હતા. પરંતુ બ્રિટનમાં ઝડપથી ફેલાઈ રહેલા કોરોના વાયરસના નવા સ્ત્રેવ નને કારણે જોનસને પોતાનો પ્રવાસ રદ કરી દીધો છે. કોરોના વાયરસના નવા સ્ટ્રેનથી વધુ લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાના કારણે બ્રિટનમાં ફરી એક વાર કડક લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યો છે.

## રશિયા દ્વારા મહાવિનાશક મિસાઈલનું પરીક્ષણ કરાશે

### અમેરિકા-યુરોપ દેશોના તણાવની વચ્ચે રશિયાનો દાવ : મિસાઈલ એક પ્રહારમાં ફ્રાંસનો ખાતમો બોલાવી શકે છે

મોસ્કો, તા. ૬

અમેરિકા અને યૂરોપ ના દેશો સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે રશિયા પોતાની નવી મહાવિનાશક મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. લગભગ ૧૦ હજાર કિલોમીટર સુધી આકરા પ્રહાર કરવામાં સક્ષમ એવી રશિયાની આ મિસાઈલ પરમાણું હથિયારો લઈ જવામાં પણ સક્ષમ છે. આ મિસાઈલની વિધ્વંશક ક્ષમતાનો અંદાજ એ વાત પરથી જ લગાવી શકાય કે તે એક જ પ્રહારમાં આખે આખા ફ્રાંસનો ખાતમો બોલાવી શકે છે.

આ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ (આઈસીબીએમ)નું નામ આરએસ-૧૮ સરમત છે. નાટો દેશ આ કિલર મિસાઈલને સટાન-૨ નામથી પણ જાણવામાં આવે છે. જાણો આ મિસાઈલને લઈને સંપૂર્ણ માહિતી.

આરએસ-૧૮ મિસાઈલ પોતાની સાથે એક સાથે વિશાળ થર્મોન્યૂક્લિયર બોમ્બ કે પછી ૧૬ નાના પરમાણું બોમ્બ લઈ જવામાં સક્ષમ છે. એટલુ જ નહીં રશિયાના સુરક્ષાબળો ઈચ્છે તો થર્મોન્યૂક્લિયર બોમ્બની સાથે નાના પરમાણું બોમ્બ પર ફિટ કરીને આ મિસાઈલને છોડી શકે છે. રશિયાના રક્ષા મંત્રાલયના

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રમ્પે ૮ ચાઈનીઝ એપ સાથે વ્યવહાર પર પ્રતિબંધ મૂક્યો

ન્યૂયોર્ક,તા.૬

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના આઠ સોફ્ટવેર સાથે વ્યવહાર પર પ્રતિબંધ મૂકતા એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં અલીબાબા એન્ટ ગ્રુપનું અલીપે પણ શામેલ છે. રોઈટર્સના મુજબ, યુએસ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે અલીબાબાના એન્ટ ગ્રુપના અલિપે સહિત આઠ ચીની સોફ્ટવેર સાથે વ્યવહાર પર પ્રતિબંધ મૂકનારા એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે.

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

## દસ દિવસની તેજીને બ્રેક, સેન્સેક્સ ૨૬૪ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા. ૬

શેરબજારમાં છેલ્લા ૧૦ ટ્રેડિંગ સેશન સુધી ચાલુ રહેલી તેજી બુધવારે બ્રેક વાગી હતી અને બીએસઈ સેન્સેક્સ ૨૬૪ પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈટીસી અને ઈન્ફોસીસની આગેવાની ઘટાડો થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોના કારોબાર દરમિયાન તે એક સમયે ૪૮,૬૧૬.૬૬ પોઈન્ટની સપાટીએ પહોંચી ગયો હતો. પરંતુ બાદમાં વેગ ટકાવી શક્યો નહીં અને તે ૨૬૩.૭૨ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકાના ઘટાડા સાથે ૪૮,૧૭૪.૦૬ પોઈન્ટ પર બંધ રહ્યો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૫૩.૨૫ પોઈન્ટ એટલે કે ૦.૩૮ ટકાના ઘટાડા સાથે ૧૪,૧૪૬.૨૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. ટ્રેડિંગ દરમિયાન એક તબક્કે, તે ૧૪,૨૪૪.૧૫ પોઈન્ટની વિક્રમી સપાટીએ પહોંચી ગયો હતો.

## જર્મનીમાં પણ ૩૧મી સુધી લોકડાઉન

જર્મની, તા.૬

બ્રિટન બાદ હવે જર્મનીએ પણ લોકડાઉન નાંખવાની જાહેરાત કરી છે. જર્મન ચાન્સેલર એન્જેલા મર્કલે પ્રેસ કોન્ફરન્સ કરીને દેશમાં ૩૧ જાન્યુઆરી સુધી લોકડાઉન લાદવાની જાહેરાત કરી હતી. આ સાથે લોકડાઉનના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. એન્જેલા મર્કલે જણાવ્યું કે, દેશમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યાં છે.અમે ૩૧ જાન્યુઆરી સુધી દેશમાં લોકડાઉન લગાવી રહ્યાં છીએ.

ટેલિફોનિક બેસણું



અમારા પિતાશ્રી સ્વ.મંગળદાસ મોહનલાલ પારેખ (ઉં.૮૬, ગામ-અડાલજ, હાલ-ગાંધીનગર) નું તા.૦૩-૦૧-૨૦૨૧ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતની પ્રાર્થનાસભા અને બેસણું તા.૮-૧-૨૦૨૧ને શુક્રવારના રોજ ટેલિફોનના માધ્યમથી સૌ કુટુંબીજનો અને સ્નેહીજનો પોતાની લાગણી વ્યક્ત કરી શકશો

નમ્ર વિનંતી-આ અમારી અંતઃકરણ પૂર્વકની વિનંતી છે

ગં.સ્વ.બાબુબેન મંગળદાસ પારેખ
ગિરીશકુમાર પારેખ - મો.૯૮૯૮૩ ૧૨૯૬૫
યોગેશકુમાર પારેખ - મો. ૯૯૦૯ ૨૩૬૨૭૬
અતુલકુમાર પારેખ - મો.૮૨૦૦૩ ૬૦૩૧૮